T-20 વર્લ્ડકપ | **આજની મેચ** | ઇટાલી v/s સ્કોટલેન્ડ ▶ સમયઃ સવારે 11 વાગ્યે ▶ સ્થળઃ કોલકાતા | ઝિમ્બાબ્વે v/s ઓમાન ▶ સમયઃ બપોરે 3.00 વાગ્યે ▶ સ્થળઃ કોલંબો | કેનેડા v/s દ. આફ્રિકા ▶ સમયઃ સાંજે 7.00 વાગ્યે ▶ સ્થળઃ અમદાવાદ

ભારત-પાક મેચ પરની મડાગાંઠ ઉકેલવા લાહોરમાં હાઈ-લેવલ બેઠક

ICCના મધ્યસ્થી, PCB અને BCBના અધ્યક્ષ વચ્ચે વાટાઘાટો

પ્રબળ શક્યતા છે કે હવે ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચ નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ રમાશે

ICC મધ્યસ્થી કરતા પહેલા અમીનુલ ઈસ્લામ લાહોર પહોંચી ગયા હતા

બેઠક બાદ આ ત્રણેય આઈસીસી ગવર્નિંગ બોર્ડના સભ્યો સાથેની વર્ચ્યુઅલ બેઠક કરવાના હતા

કરાતી, તા. 8 (પીટીઆઈ): ભારત અને પાકિસ્તાન વચ્ચે 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજાનારા હાઈ-વોલ્ટેજ ટી-20 વિશ્વકપ મુકાબલા પરની મડાગાંઠ ઉકેલવા માટે રવિવારે લાહોરમાં અત્યંત મહત્વપૂર્ણ બેઠકો શરૂ થઈ છે. આઈસીસીના ડેપ્યુટી ચેરમેન અને પ્રભાવશાળી મધ્યસ્થી ઈમરાન ખ્વાજા રવિવારે સાંજે લાહોર પહોંચ્યા હતા.

ખ્વાજાએ ગદ્દાફી સ્ટેડિયમ ખાતે પીસીબી ચીફ મોહસિન નકવી અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ અમીનુલ ઈસ્લામ સાથે મુલાકાત કરી હતી. આ મડાગાંઠ ઉકેલવાના પ્રયાસો હવે તેજ બન્યા છે અને એવી પ્રબળ શક્યતા છે કે 15 ફેબ્રુઆરીનો ભારત-પાકિસ્તાન વચ્ચેનો મહા મુકાબલો નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ રમાશે. આ ત્રણેય રવિવારે મોડી રાત્રે આઈસીસી ગવર્નિંગ બોર્ડના સભ્યો સાથેની વર્ચ્યુઅલ બેઠક કરશે જેમાં આ મુદ્દે કોઈ અંતિમ નિર્ણય લેવાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશના અમીનુલ ઈસ્લામ પહેલાં જ પાકિસ્તાન પહોંચી ગયા હતા.

ઈમરાન ખ્વાજા, જેઓ આઈસીસી બોર્ડમાં સિંગાપોરનું પ્રતિનિધિત્વ કરે છે, તેમને આ વિવાદ ઉકેલવા માટે ખાસ મધ્યસ્થી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વિવાદના મૂળમાં બાંગ્લાદેશનો ભારતમાં સુરક્ષા કારણોસર રમવાનો ઇનકાર અને ત્યારબાદ આઈસીસી દ્વારા બાંગ્લાદેશના સ્થાને સ્કોટલેન્ડને સામેલ કરવાનો નિર્ણય છે. પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે અગાઉ જાહેર કર્યું હતું કે પાકિસ્તાન બાંગ્લાદેશ સાથે એકતા દર્શાવવા માટે ભારત સામેની મેચનો બહિષ્કાર કરશે. આ ઉપરાંત, બીસીસીઆઈની સૂચનાથી મુસ્તફિઝુર રહેમાનને કેકેઆરની ટીમમાંથી મુક્ત કરવાના મુદ્દાએ પણ આ વિવાદમાં ઘી હોમવાનું કામ કર્યું હતું.

જોકે, શ્રીલંકા ક્રિકેટ બોર્ડના દબાણ અને આઈસીસીની કડક કાર્યવાહી બાદ હવે સમાધાનની આશા જાગી છે. શ્રીલંકા ક્રિકેટ બોર્ડે પીસીબીને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો મેચ રદ થશે તો તમામ સ્ટેકહોલ્ડર્સને મોટું આર્થિક નુકસાન થશે. આઈસીસીએ પણ પાકિસ્તાન પાસે 'ફોર્સ મેજ્યોર' કલમ લાગુ કરવા પાછળના કાયદેસરના પુરાવા માંગ્યા છે.

નેપાળે વિશ્વ વિજેતા ઈંગ્લેન્ડને હંફાવ્યું

છેલ્લી ઓવરમાં નેપાળને 10 રનની જરૂર હતી, સેમ કરને સચોટ બોલિંગ કરી ઈંગ્લેન્ડને જીત અપાવી

ઈંગ્લેન્ડના 184 રનના જવાબમાં નેપાળની ટીમ 6 વિકેટે 180 રન બનાવી શકી

લોકેશ બામે આક્રમક બેટિંગ કરી નેપાળને જીતની નજીક પહોંચાડ્યું હતું

મુંબઈ, તા. 8 (પીટીઆઈ): ટી-20 વર્લ્ડકપના ગ્રુપ-સીના અત્યંત રોમાંચક મુકાબલામાં બે વખતની વિશ્વ વિજેતા ઈંગ્લેન્ડની ટીમે નેપાળને માત્ર 4 રને હરાવીને માંડ માંડ જીત મેળવી હતી.

મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં નેપાળ ઉલટફેર કરીને ઈતિહાસ રચવાની આરે હતું. ઈંગ્લેન્ડના 184 રનના જવાબમાં નેપાળની ટીમ 6 વિકેટે 180 રન બનાવી શકી હતી. 17,000 થી વધુ ચાહકોની હાજરીમાં નેપાળના ખેલાડીઓએ અદભૂત જઝબો બતાવ્યો હતો.

અગાઉ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે કેપ્ટન હેરી બ્રુક (53) અને ડેબ્યૂ કરનાર જેકબ બેથેલની (55) અડધી સદીઓની મદદથી 184 રન બનાવ્યા હતા. અંતમાં વિલ જેક્સે 18 બોલમાં 39 રન ફટકારી સ્કોરને મજબૂતી આપી હતી. નેપાળ તરફથી દીપેન્દ્ર સિંહ એરી અને નંદન યાદવે 2-2 વિકેટ ઝડપી હતી. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી નેપાળની ટીમ માટે રોહિત પૌડેલ (39) અને દીપેન્દ્ર એરી (39) વચ્ચે 82 રનની મજબૂત ભાગીદારી થઈ હતી. અંતિમ ઓવરોમાં લોકેશ બામે (અણનમ 39) જોફ્રા આર્ચર અને લ્યુક વૂડ સામે આક્રમક બેટિંગ કરી નેપાળને જીતની નજીક પહોંચાડ્યું હતું. છેલ્લી ઓવરમાં 10 રનની જરૂર હતી, પરંતુ સેમ કરને સચોટ યોર્કર ફેંકીને નેપાળને બાઉન્ડ્રી મારવા દીધી ન હતી અને ઈંગ્લેન્ડનો આબાદ બચાવ થયો હતો. ભલે નેપાળ હારી ગયું, પરંતુ તેના પ્રદર્શનથી ક્રિકેટ જગતના દિલ જીતી લીધા છે.

બોક્સમ એલિટમાં ભારતીય બોક્સરોએ 9 ગોલ્ડ જીત્યા

લા નુસિયા (સ્પેન), તા. 8 (પીટીઆઈ): ઓલિમ્પિક મેડલિસ્ટ લવલીના બોરગોહેન અને પૂર્વ યુવા વર્લ્ડ ચેમ્પિયન અરુંધતી ચૌધરીની આગેવાનીમાં ભારતીય બોક્સરોએ સ્પેનમાં યોજાયેલ 'બોક્સમ એલિટ ઇન્ટરનેશનલ 2026' ટૂર્નામેન્ટમાં 9 ગોલ્ડ મેડલ જીતીને શાનદાર પ્રદર્શન કર્યું છે. ભારત આ સ્પર્ધામાં 9 ગોલ્ડ, 3 સિલ્વર અને 7 બ્રોન્ઝ મેડલ સાથે સૌથી સફળ દેશ રહ્યો છે. ખાસ કરીને ભારતીય મહિલાઓએ ફાઇનલમાં સાતેય વર્ગમાં જીત મેળવીને ક્લીન સ્વીપ કર્યું હતું. મહિલા વર્ગમાં મંજૂ રાની (48 કિગ્રા) અને નીતુએ (51 કિગ્રા) સ્પેનિશ હરીફોને હરાવીને શરૂઆત કરી હતી. ત્યારબાદ પૂનમે (54 કિગ્રા) રોમાંચક મુકાબલામાં સાથી ભારતીય પ્રીતિને હરાવી ગોલ્ડ જીત્યો હતો. પ્રિયા (60 કિગ્રા) અને અરુંધતીએ (70 કિગ્રા) યુક્રેનિયન બોક્સરો સામે 5-0થી એકતરફી વિજય મેળવ્યો હતો. લવલીના બોરગોહેને (75 કિગ્રા) ઈંગ્લેન્ડની મેરી-કેટ સ્મિથને 4-1થી પરાજય આપ્યો હતો, જ્યારે નૈનાએ (80 કિગ્રા) રાયસા પિસ્કુનને હરાવી મહિલા ટીમના વિજય અભિયાનને પૂર્ણ કર્યું હતું.

શ્રીલંકાનો વિજયી પ્રારંભ, સ્પિનરોની જાળમાં ફસાયું આયર્લેન્ડ

શ્રીલંકાના 163 રનના જવાબમાં આયર્લેન્ડની ટીમ 143 રનમાં ઓલઆઉટ થઈ

કુસલ અને કામિંદુની આક્રમક બેટિંગે ટીમને મુશ્કેલીમાંથી ઉગારી તીક્ષણા અને વાનિંદુએ 3-3 વિકેટ ઝડપી

કોલંબો, તા. 8 (પીટીઆઈ): ટી-20 વર્લ્ડકપના રવિવારે રમાયેલા મુકાબલામાં સહ-યજમાન શ્રીલંકાએ ઓલરાઉન્ડ પ્રદર્શનના જોરે આયર્લેન્ડને 20 રને પરાજય આપીને વિજયી પ્રારંભ કર્યો હતો.

પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાની શરૂઆત નબળી રહી હતી અને 14મી ઓવરમાં 86 રને 4 વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, કુસલ મેન્ડિસ (56 રન) અને કામિંદુ મેન્ડિસની (44 રન) આક્રમક બેટિંગે ટીમને મુશ્કેલીમાંથી ઉગારી 6 વિકેટે 163 રનના સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. આયર્લેન્ડના ફિલ્ડરોએ કેટલાક કેચ છોડતા શ્રીલંકાને મોટો ફાયદો થયો હતો. આયર્લેન્ડ તરફથી જ્યોર્જ ડોકરેલે ધારદાર બોલિંગ કરતા 17 રનમાં 2 વિકેટ ઝડપી હતી.

164 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી આયર્લેન્ડની ટીમ 19.5 ઓવરમાં 143 રને ઓલઆઉટ થઈ ગઈ હતી. આયર્લેન્ડ તરફથી હેરી ટેક્ટર (40) અને રોસ એડેરે (34) લડત આપી હતી, પરંતુ શ્રીલંકન સ્પિનરો સામે તેઓ લાંબુ ટકી શક્યા નહોતા. સ્પિનર મહીષ તીક્ષણા અને વાનિંદુ હસરંગાએ 3-3 વિકેટ ઝડપીને આયર્લેન્ડની બેટિંગ લાઇનઅપને વેરવિખેર કરી નાખી હતી. ખાસ કરીને હસરંગાએ 16મી ઓવરમાં ટેક્ટરની વિકેટ ઝડપીને આયર્લેન્ડની જીતની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.

કેનેડા સામે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવાના ઈરાદે ઉતરશે દ. આફ્રિકા

મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7:00 વાગ્યાથી

અમદાવાદ, તા. 8 (પીટીઆઈ): ટી-20 વિશ્વકપમાં સોમવારે દક્ષિણ આફ્રિકાની ટીમ કેનેડા સામે મેદાને ઉતરીને પોતાના અભિયાનનો પ્રારંભ કરશે. જોકે દ. આફ્રિકાના કેપ્ટન એઈડન માર્કરામ કેનેડાને હળવાશથી લેવાના મૂડમાં નથી, અને તેઓ એ વાત પર ભાર મૂકી રહ્યા છે કે તેઓ અહીં તેમના અભિયાનની માત્ર એક સકારાત્મક શરૂઆતની અપેક્ષા રાખી રહ્યા છે. 2024ની વર્લ્ડકપમાં ફાઈનલ સુધી પહોંચ્યા બાદ ભારત સામે હારનો સામનો કરનાર દક્ષિણ આફ્રિકા માટે આ વખતે ખિતાબ જીતવો મોટો પડકાર છે. આંકડાકીય રીતે જોઈએ તો 2024ની ફાઈનલ બાદ દક્ષિણ આફ્રિકાનું ફોર્મ ચિંતાજનક રહ્યું છે, જ્યાં તેમણે 32માંથી માત્ર 12 મેચમાં જીત મેળવી છે. જોકે, ગત વર્ષે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીત્યા બાદ ટીમમાં ટ્રોફી જીતવાનો નવો આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે.

ટીમમાં ઈજાગ્રસ્ત ડોનાવન ફેરેરા અને ટોની ડિ જોર્જીના સ્થાને રેયાન રિકેલ્ટન અને ટ્રિસ્ટન સ્ટબ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ફુટબોલની મહાશક્તિ ઈટાલીનું આજે વર્લ્ડકપમાં પદાર્પણ

કોલકાતા, તા. 8 (પીટીઆઈ): ફૂટબોલની મહાશક્તિ ગણાતું ઇટાલી સોમવારે સ્કોટલેન્ડ સામે રમીને ટી-20 વિશ્વકપમાં ઐતિહાસિક પદાર્પણ કરશે. ચાર ફિફા વર્લ્ડ કપ જીતનાર ઇટાલીએ યુરોપિયન ક્વોલિફાયર દ્વારા પ્રથમ વખત આ વૈશ્વિક ક્રિકેટ ટૂર્નામેન્ટમાં સ્થાન મેળવ્યું છે. રસપ્રદ વાત એ છે કે, ઇટાલીની ટીમમાં દક્ષિણ આફ્રિકામાં જન્મેલા કેપ્ટન વેન મેડસેન, શ્રીલંકન મૂળના ક્રિશન કાલૂગામેજ અને ઈંગ્લેન્ડમાં જન્મેલા માર્કસ કેમ્પોપિયાનો જેવા વિવિધ પૃષ્ઠભૂમિના ખેલાડીઓ સામેલ છે. ઇટાલીએ તાજેતરમાં પ્રેક્ટિસ મેચોમાં કેનેડા અને યુએઈને હરાવ્યા છે, જ્યારે આયર્લેન્ડ સામેની જીત તેમની કોઈ પણ ફૂલ મેમ્બર દેશ સામેની પ્રથમ જીત હતી.

ઝિમ્બાબ્વે અને ઓમાન વચ્ચે મુકાબલો

કોલંબો, તા. 8: ગયા વર્ષે ટૂર્નામેન્ટમાં ભાગ ન લઈ શક્યા બાદ ઝિમ્બાબ્વે પાસે આ વખતે પોતાની જાતને સાબિત કરવાની સુવર્ણ તક છે. સિકંદર રઝા અને બ્રેન્ડન ટેલર જેવા અનુભવી ખેલાડીઓ સાથે ટીમમાં 22 વર્ષીય યુવા સ્ટાર બ્રાયન બેનેટ પર સૌની નજર રહેશે. બેનેટે ક્વોલિફાયર અને ત્રિકોણીય શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કરી ઝિમ્બાબ્વેને વર્લ્ડ કપમાં સ્થાન અપાવ્યું છે. બીજી તરફ, ઓમાનની ટીમ ચોથી વખત આ ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે. જતિંદર સિંહની કેપ્ટનશિપ હેઠળ ઓમાન પોતાની મજબૂત બોલિંગ લાઇનઅપ દ્વારા ઉલટફેર કરવાની ક્ષમતા ધરાવે છે.

ન્યૂઝીલેન્ડની અફઘાનિસ્તાનને હરાવી વિજયી શરૂઆત

ટિમ સીફર્ટની તોફાની ફિફ્ટીની મદદથી કીવી ટીમે અફઘાનિસ્તાનને 5 વિકેટે હરાવ્યું

અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરતા 6 વિકેટે 182 રન બનાવ્યા હતા

ચેન્નાઈ, તા. 8 (પીટીઆઈ): ટી-20 વર્લ્ડકપના ગ્રુપ-ડીમાં રવિવારે રમાયેલી રોમાંચક મેચમાં ટિમ સીફર્ટની આક્રમક અડધી સદીની મદદથી ન્યૂઝીલેન્ડે અફઘાનિસ્તાન સામે 5 વિકેટે શાનદાર વિજય મેળવ્યો હતો.

183 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી કીવી ટીમની શરૂઆત ખરાબ રહી હતી. સ્પિનર મુજીબ ઉર રહેમાને બીજી જ ઓવરમાં ફિન એલેન અને રચિન રવિન્દ્રને સતત બે બોલમાં આઉટ કરી ન્યૂઝીલેન્ડનો સ્કોર 2 વિકેટે 14 રન કરી નાખ્યો હતો.

જોકે, 'બમ બમ' તરીકે ઓળખાતા ટિમ સીફર્ટે (42 બોલમાં 65 રન) અને ગ્લેન ફિલિપ્સે (42 રન) બાજી સંભાળી હતી. બંનેએ ત્રીજી વિકેટ માટે 47 બોલમાં 74 રનની ભાગીદારી કરી ટીમને સંકટમાંથી ઉગારી હતી. સીફર્ટને 48 રનના સ્કોર પર રાશિદ ખાને જીવનદાન આપ્યું હતું, જેનો તેણે ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો. અંતમાં ડેરીલ મિશેલ અને મિશેલ સેન્ટનરે જરૂરી રન બનાવી જીત અપાવી હતી.

અગાઉ, અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરતા 6 વિકેટે 182 રન બનાવ્યા હતા. ગુલબદિન નાઈબે (63 રન, 35 બોલ) તોફાની ઈનિંગ રમી હતી, પરંતુ લોકી ફર્ગ્યુસનની ધારદાર બોલિંગે અફઘાન ઓપનરોને સસ્તામાં આઉટ કરી રન ગતિ પર બ્રેક લગાવી હતી. અફઘાનિસ્તાનનો મધ્યક્રમ મજબૂત રહ્યો પણ અંતિમ ઓવરોમાં તેઓ ધાર્યો સ્કોર બનાવી શક્યા નહીં, જે અંતે તેમને ભારે પડ્યો હતો.

સુડોકુ - ૨૨૬૬

	૯		૩	૭	૫		૮	
૭		૫		૪	૧			
	૩		૯	૬	૨		૫	૭
	૫		૬	૯		૩		૮
		૬		૫			૭	૯
	૭		૨				૪	૬
૮				૨	૯			
				૧	૬	૮	૩	૨
	૨		૫		૮	૧	૯	૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૩	૬	૭	૬	૬	૭	૨	૬
૨	૬	૭	૬	૬	૭	૩	૨	૬
૬	૬	૭	૩	૨	૨	૬	૭	૩
૬	૨	૬	૬	૭	૨	૬	૭	૩
૩	૭	૨	૨	૬	૬	૬	૭	૬
૭	૬	૬	૭	૩	૬	૨	૬	૨
૭	૬	૬	૩	૬	૨	૬	૬	૨
૬	૭	૩	૬	૨	૭	૬	૬	૭
૬	૨	૬	૭	૬	૬	૩	૭	૬

૨૨૧૩-ફ્રી કીડ્સ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

પેશાબમાં પથરી

પેશાબમા બળતરા થાય, કમર, પેડુમાં દુખાવો થાય તો તરત ડોક્ટર સાહેબની સલાહ લો. અમુક કિસ્સામાં તાત્કાલિક સારવાર જરૂરી હોય છે. પ્રાથમિક સારવાર તરીકે રોજ બથુઆ અને ચોલાઈ ની ભાજી બાફીને ખાવ. એનો સૂપ પીઓ. કાળા મરી અને સહેજ સિંધવ ઉમેરી શકાય, ઘી નાખીને પીરસો.

શબ્દગુંફન - ૭૧૬૫

અરવિંદ એસ. મારૂ



આડી યાવી
૧. બધા રાજાઓ ઉપર પોતાની સત્તા સ્થાપનારું (૪)
૩. હાજર હોવું તે (૩)
૬. સુગંધ, પરિમલ (૪)
૭. શાંતિ, ક્ષમા (૨)
૮. અદીરાઈનું આકળાપણું (૪)
૧૦. પગ (૩)
૧૧. દુકાન, ગુજરી, બજાર (૨)
૧૨. નાણું (૨)
૧૩. બટન નાંખવાનું નાંકુ (૨)
૧૫. કળા કૌશલ્ય (૪)
૧૭. પાછું (૩)
૧૮. પુત્રી (૩)
૨૦. અઠવાડિયાનો એક દિવસ (૨)
૨૧. લોકોનો મત (૪)
૨૩. ખાવાની એક વાની (૨)
૨૪. ચોકીદાર, પહેરગીર (૪)
૨૬. ગદ્દેડો (૨)
૨૭. હેતુ, આશય (૪)
૩૦. ગમે તેમ પીડીને વશ કરવાની નીતિ (૫)
૩૧. ભાષાંતર, અનુવાદ (૪)

ઊભીયાવી
૧. સેના (૨)
૨. મોટાની લાગવડ (૩)
૩. હિમત, હોંશ (૨)
૪. પાણીમાં રહેતું પ્રાણી (૪)
૫. તીર્થ, રહેવાનું સ્થળ (૨)
૬. પાણી પાઈને પકવેલો મોલ (૨)
૭. સુશોભિત, શોભા (૪)
૮. ટેક, રોફ, આબરૂ (૨)
૯. કેરીની એએક જાત (૩)
૧૧. અવસ્થા, સ્થિતિ (૩)
૧૨. સહેજ, થોડુંક (૨)
૧૪. સોના રૂપાના તાર ખેંચવાનું સાધન (૪)
૧૫. દેહ, શરીર (૨)
૧૬. આકાશ (૩)
૧૭. દૂર (૨)
૧૯. નાશ પામે તેવું (૩)
૨૦. પવન, વાર્તા (૨)
૨૧. આદમી (૨)
૨૨. હઠ, દુરાગ્રહ (૩)
૨૩. પતિ (૨)
૨૪. દુંખ, પીડા (૩)
૨૫. વગાડવું તે (૩)
૨૬. ભાળ, સમાચાર (૩)
૨૭. અક્કલ, બુદ્ધિ (૨)
૨૮. વ્યસન (૨)
૨૯. ગમવું તે રુચિ (૨)



૧૩૬૮ - ફ્રી ક્રોસ્વર્ડ

આજનું પંચાંગ

તા. 09/02/2026, સોમવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** મહા
તિથિઃ વદ આઠમ : વૃદ્ધિ તિથિ છે.
અયન : ઉત્તરાયન **ઋતુ :** શિશિર
રાષ્ટ્રિય દિનાંક : મહા: 20 **યોગ :** વૃદ્ધિ
કરણઃ બાવલ **નક્ષત્ર :** વિશાખા : વૃદ્ધિ નક્ષત્ર છે. **રાશિઃ** તુલા (ર.ત.) 25:13 પછી વૃશ્ચિક (ન.ચ.) **દિવસ :** અશુભ, કાલાષ્ટમી, જાનકી જન્મ અષ્ટકા શ્રાદ્ધ
સુરતમાં સૂર્યોદય : 07:14 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:32
નવકારસી : 08:02
પારસી વર્ષ : 1395 શેહરેવર માસનો 29મો રોજ
મુસલમાન વર્ષ : 1447, શાબાન માસનો 20મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાંઃ ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળઃ સાંજે :07:30 થી 09:00 સુધી

મેષ (અ,લ,ઇ,): ઉત્સાહજનક સમાચારથી દિવસની શરૂઆત તથા રોજની આવક વધે. નવા કામ માટે મદદ મળે. પ્રવાસ થાય.
વૃષભ (બ,વ,ઉ,): અજ્ઞાત ભય સતાવે. જૂના દર્દો પરેશાન કરશે. જીવન સાથીના આરોગ્યની ચિંતા અને શત્રુભય સતાવે.
મિથુન (ક,છ,ઘ,): ધનપ્રાપ્તીની નવી તક ઊભી થાય શેર બજારનાં કામ થાય. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવે. વિદ્યાર્થીઓને તક મળે.
કર્ક (ડ,હ,): આનંદોત્સવમાં ભાગ લેવાનું થાય નોકરી-ધંધાર્થે પ્રવાસમાં અનુકૂળતા રહે. કોઈની વાતોમાં નિણય બદલવો નહીં. ખર્ચા વધશે.
ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં અનુકૂળતા રહે. નવા લોકોની મદદ મળે. અચાનક શુભ સામાચાર મળે. શેર બજારમાં તક મળે.
મકર (ખ,જ,): નોકરી-ધંધામાં નવા ફેરફારથી નવી તક મળે. સરકારી નોકરીમાં પ્રગતિ થાય.
કુંભ (ગ,સ,શ,ષ,): સરકારી કામમાં મદદ મળે. ઈન્ટરવ્યુમાં સફળતા મળે. નોકરી-ધંધા માટે પ્રવાસમાં અનુકૂળતા.
મીન (દ,ચ,ઝ,થ,): આંખની કાળજી રાખવી અચાનક ધનપ્રાપ્તિ થાય નોકરીમાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

ઘરમાં નવા ફેરફાર થાય.
સિંહ (મ,ટ,): સાહસિક અને નિડર બનશો. આવક વધશે. વેપાર વધારવાની તક મળે. નોકરીમાં પ્રમોશન થાય.
કન્યા (પ,ઠ,ણ,): ઉધરાણી કે અન્ય રીતે આર્થિક પ્રગતિ થાય. વારસાના કામ થાય. ઘરમાં તાલમેળ વધશે.
તુલા (ર,ત,): શુભ સમાચાર મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે. નોકરીમાં નવી તક મળે. પ્રવાસ થાય.
વૃશ્ચિક (ન,ય,): સરકારી કામમાં સાવધાની રાખવી

કોઈ પણ સાલમાં 09 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નવી તકો ઊભી થાય ટેક્નોલોજીનો લાભ મળે. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં યશ મળે. પરિવાર મિત્રોનો સાથ સામાજિક સંતાનો અને સરકારી કામમાં મળે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી રાહત થાય પણ નવી જવાબદારીથી બોજ વધશે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. વિદેશમાં કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો મળે વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાકીય મદદ મળે. ઊંમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. પ્રેમવિવાહની વાતમાં સહકાર મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. વર્ષ દરમિયાન હરીફોના પ્રશ્નો સતાવશે. ઉધરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. માર્ચ-એપ્રિલ - ઓક્ટોબર નવેમ્બર તથા મંગળ-ગુરૂવાર તા. 9,18, 27 નવાં કામ માટે અનુકૂળ લાલ રંગ પહેરવામાં ઉપયોગ કરવો ડિસેમ્બર-જાન્યુઆરી તથા બુધ-શનિવાર તા. 8,17, 26 નવા કામ માટે ટાળવા સફેદ અને ભુરા રંગનો ઉપયોગ ટાળવો.

U-19 વિશ્વકપ વિજેતા ટીમનું ભારતમાં ઉષ્માભર્યું સ્વાગત

મુંબઈ, તા. 8 (પીટીઆઈ): અંડર-19 વિશ્વકપ જીતીને પરત ફરેલી ભારતીય ટીમનું મુંબઈ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ભારતે ફાઈનલમાં ઈંગ્લેન્ડને 100 રને હરાવી રેકોર્ડ છઠ્ઠી વખત આ ખિતાબ જીત્યો છે.

ફાઈનલમાં 14 વર્ષીય વૈભવ સૂર્યવંશીની 175 રનની આક્રમક ઈનિંગ અને કેપ્ટન આયુષ મ્હાત્રેના નેતૃત્વમાં ભારતે આ યાદગાર વિજય મેળવ્યો હતો.

સમગ્ર ટૂર્નામેન્ટમાં અજેય રહેલી આ ટીમના ખેલાડીઓના પરિવારોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. BCCIએ વિજેતા ટીમ માટે 7.5 કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે. ઋષિકેશ કાનિટકરના માર્ગદર્શન હેઠળની આ યુવા બ્રિગેડ માટે ટૂંક સમયમાં સન્માન સમારોહનું આયોજન કરવામાં આવશે.

ડેવિસ કપઃ નેધરલેન્ડ્સ સામે 3-2થી ભારતનો વિજય

બેંગ્લુરુ, તા. 8 (પીટીઆઈ): ડેવિસ કપ ક્વોલિફાયરમાં રવિવારે ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે રસાકસીભર્યો જંગ જોવા મળ્યો, જેમાં ભારતની ઐતિહાસિક 3-2થી જીત થઈ છે. આ જીતનો અસલી હીરો 25 વર્ષીય દક્ષિણેશ્વર સુરેશ રહ્યો હતો. તેણે લિએન્ડર પેસના 2004ના કરિશ્માની યાદ અપાવતા આખી ટાઈમાં બે સિંગલ્સ અને એક ડબલ્સ એમ ત્રણેય મેચ જીતીને ભારતને બીજા રાઉન્ડમાં પહોંચાડ્યું છે. નિર્ણાયક પાંચમી સિંગલ્સ મેચમાં દક્ષિણેશ્વરે ગાય ડી ઓડેનને 6-4, 7-6 થી હરાવી ભારતનો વિજય નિશ્ચિત કર્યો હતો. આ પહેલા તેણે યુકી ભામ્બરી સાથે મળીને મેરેથોન ડબલ્સ મુકાબલો પણ જીત્યો હતો. સુમિત નાગલ રિવર્સ સિંગલ્સમાં હારી જતાં સ્કોર 2-2 થયો હતો, પરંતુ દક્ષિણેશ્વરે દબાણમાં અદભૂત રમત બતાવી ભારતને જીત અપાવી હતી. આ જીત સાથે ભારત હવે ક્વોલિફાયરના બીજા રાઉન્ડમાં પહોંચ્યું છે, જ્યાં તેનો સામનો કોરિયા સામે થવાની સંભાવના છે.

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
રાની મુખર્જીનો શ્રેષ્ઠ અભિનય

મર્દાની-3
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
એક મહાકાવ્ય યુદ્ધ

બોર્ડર-2
* સની દેઓલ * વરૂણ ધવન * અહાન શેટ્ટી
૧૨.૧૫, ૩.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત